ગુજરાતમિત્ર
# આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬

**વસતી આશરે 3510, અંદાજે 889 જેટલા લોકો પાસે આયુષ્યમાન કાર્ડ ઉપલબ્ધ, ગામ 100 ટકા શૌચાલયયુક્ત**

# ગોપાલિયા

## લીલીછમ હરિયાળી વચ્ચે વસેલું અને ડેડિયાપાડા તાલુકાથી 25 કિલોમીટર દૂર આવેલું ગામ

નર્મદા જિલ્લાના મુખ્ય મથક રાજપીપળાથી આશરે 72.6 કિલોમીટર અને ડેડિયાપાડા તાલુકાથી 25 કિલોમીટર દૂર આવેલું ગોપાલિયા ગામ આજે વરસાદી માહોલમાં લીલીછમ હરિયાળી વચ્ચે વસેલું એક અદભૂત ગામ છે. આ ગામની વસતી આશરે 3510 જેટલી છે. અંદાજે 889 જેટલા લોકોએ આયુષ્યમાન કાર્ડ કઢાવ્યાં છે, જે આરોગ્ય સુવિધાઓ પ્રત્યેની જાગરૂકતા દર્શાવે છે. ખાસ વાત એ છે કે આ ગામ 100 ટકા શૌચાલયયુક્ત ગામ છે, જે સ્વચ્છતાના ક્ષેત્રમાં એક મોટી સિદ્ધિ છે. ગોપાલિયા ગામની ખાસિયત એ છે કે, ભૂતકાળમાં આ ગામના જમીની હકીકત સાથે જોડાયેલા નાગરિક બે વખત ડેડિયાપાડા વિધાનસભાના ધારાસભ્ય બન્યા હતા. આ ગામ માટે ગૌરવની વાત છે. ગોપાલિયા ગામની પોતાની એક ગ્રામ પંચાયત છે અને અહીંના નવયુવાન સરપંચે ગામના વિકાસ માટે નોંધપાત્ર કામ કર્યું છે. ગોપાલિયા ગામ શિક્ષિતોનું ગામ છે. અહીંથી MBBS ડોક્ટર્સ, ઈજનેર્સ, શિક્ષકો અને અન્ય સરકારી નોકરી કરતા લોકોની સંખ્યા નોંધપાત્ર છે. ગામની બહાર નોકરી કે વ્યવસાય માટે રહેવું પડતું હોવા છતાં, પોતાનું માતૃભૂમિ પ્રત્યેનું આકર્ષણ અને યાદો હંમેશાં તાજી રહે છે.....





## ગોપાલિયા ગામનું નામકરણ

કોઈપણ ગામનું નામ તેની ઓળખ હોય છે અને તે ઓળખ પાછળ કોઈક ઐતિહાસિક ઘટના, કુદરતી સ્થળ, અથવા તો કોઈ ખાસ વૃક્ષ કે અવશેષ સંતાયેલાં હોય છે. ગુજરાતના સાતપુડા વિસ્તારમાં વસેલું ‘ગોપાલિયા’ ગામ પણ આવું જ એક અનોખું ઉદાહરણ છે, જેના નામકરણ પાછળ રસપ્રદ લોકવાયકા અને આદિવાસી સંસ્કૃતિનો ઘેરો સંબંધ છે. સમય જતાં આજુબાજુના વિસ્તારનો ઈતિહાસ શોધીએ તો જાણવા મળે છે કે, આજથી ઘણાં વર્ષો પહેલાં સાતપુડાનો આ વિસ્તાર ઘનઘોર જંગલ હતો. ગાઢ વૃક્ષ, ટેકરીઓ અને વન્યજીવોથી ભરપૂર આ ભૂમિ આદિવાસીઓનું વતન હતું. પ્રાકૃતિક સૌંદર્ય અને અપાર સંસાધનોને કારણે અહીં વસવાટ શરૂ થયો, પરંતુ ગામને નામ આપવાની વાત ત્યારે શરૂ થઈ જ્યારે પ્રથમ વડવાઓ (વસાહતીઓ) અહીં આવ્યા. સ્થાનિક આદિવાસી બોલીમાં ‘ગોપલા’ શબ્દનો ઉલ્લેખ જોવા મળે છે. આ શબ્દ સંભવતઃ ‘પીપળી’ (અથવા ચોક્કસ પ્રકારનાં વૃક્ષ) માટે વપરાતો હતો. લોકવાયકા પ્રમાણે, મોસ્કુટ તરફની ટેકરી પર વડવા સમયથી એક વિશાળ ‘ગોપલા’ વૃક્ષ હતું, જે-તે વિસ્તારનું ઓળખ-ચિહ્ન હતું. જ્યારે આ વિસ્તારમાં વસાહતીકરણ માટે પ્રથમ વડવાઓ આવ્યા, ત્યારે તેમણે આ ભવ્ય વૃક્ષ જોયું અને તેના પરથી વિસ્તારને ઓળખવાની શરૂઆત કરી. ધીમે ધીમે આદિવાસી શબ્દ ‘ગોપલા’નો ‘અપભ્રંશ’ થતો ગયો અને તે ‘ગોપાલિયા’ તરીકે સ્થાયી થયો. આમ, એક સામાન્ય વૃક્ષ આખા ગામની ઓળખ બની ગયું. સૌથી આશ્ચર્યજનક હકીકત એ છે કે, કાળના પડદા પાછળ જે ‘ગોપલા’ વૃક્ષે ગામને નામ આપ્યું, તે આજે પણ હજુ અસ્તિત્વમાં છે. પેઢીઓ વીતી ગઈ, ગામનો વિકાસ થયો, પરંતુ તે વૃક્ષ આજે પણ ગામની સીમમાં ઊભું છે. જાણે સમયનો અક્ષત સાક્ષી છે. ગોપાલિયા ગામનું નામકરણ માત્ર ઓળખ નથી પણ તે આદિવાસી સંસ્કૃતિ અને કુદરત સાથેના ગાઢ સંબંધનું પ્રતીક છે. વિકાસના આ યુગમાં ઘણાં ગામો પોતાની પ્રાકૃતિક ઓળખ ગુમાવી દે છે, પરંતુ ગોપાલિયા ગામે આ ઐતિહાસિક વૃક્ષને સાચવી રાખ્યું છે. ગોપાલિયા ગામનું નામ માત્ર એક લેબલ નથી, પરંતુ તે એક સમયના વન્ય વાતાવરણ, આદિવાસીઓની ભાષા અને કુદરતી વૈભવની ગાથા છે. ‘ગોપલા’થી ‘ગોપાલિયા’ સુધીનો આ સફર આજે પણ એ વૃક્ષની છાંયે વારંવાર યાદ આવે છે.

## સંઘર્ષથી સફળતા સુધી: રીટાયર્ડ નાયબ કલેક્ટર માનસિંગભાઈ વસાવાની પ્રેરણાદાયી યાત્રા



ભલે શિક્ષણ લેવામાં પ્રાથમિક શાળા ન હતી, પણ શિક્ષણ લેવાની ઊંચી ઉડાન હોય ત્યારે પાંખો અવશ્ય મળી જાય. આ કહેવતને સાચી કરી બતાવી છે ગોપાલિયા ગામના નિવૃત્ત નાયબ કલેક્ટર માનસિંગભાઈ રામજીભાઈ વસાવાએ. તેમની જીવનકથા એ દરેક માટે પ્રેરણારૂપ છે, જેઓ સંજોગો સામે હાર માની બેસે છે.

ગોપાલિયા ગામમાં જન્મેલા માનસિંગભાઈનો પરિવાર આર્થિક રીતે અત્યંત નબળો હતો. ગરીબી તેમની દૃષ્ટિમાં સતત રમતી હતી. તે સમયે ગામમાં પ્રાથમિક શાળા ન હોવાથી, શિક્ષણનું સ્વપ્ન પણ અશક્ય લાગતું હતું. વર્ષો સુધી ગામનાં બાળકો શિક્ષણથી વંચિત રહ્યાં. આખરે, પાડોશના શિયાલી ગામમાં શાળા હોવાને કારણે, તેઓએ ધોરણ 1માં કક્કો અને બારાખડી શીખવાની શરૂઆત કરી. પરંતુ તે સમયે પણ ગામના ઘણા બાળકો અભણ રહેતાં. એક વખત આદિવાસી સામાજિક કેન્દ્ર ઝંખવાવના (મિશનરી) ફાધર ગોપાલિયા ગામની મુલાકાતે આવ્યા. તેમણે ગામમાં રખડતાં બાળકો જોયાં. વાલીઓ સાથે વાત કરતાં ખબર પડી કે, શાળા ન હોવાથી બાળકો ભણી શકતાં નથી. વાલીઓએ કચવાટ સાથે આ વાત કહી, ત્યારે ફાધરે તરત જ વાલીઓને આશ્વાસન આપ્યું: હું બધાં બાળકોને ભણાવીશ. બે દિવસમાં લેવા આવીશ. અને ખરેખર, તેમણે પોતાનું વચન પાળ્યું. માનસિંગભાઈને 12 જેટલા સાથીઓ સાથે ભણવા માટે લઈ જવામાં આવ્યા. ધોરણ-2થી 4 સુધી ચિતલદા ખાતેની મિશનરી સંસ્થામાં હોસ્ટેલમાં રહીને અભ્યાસ કર્યો, ધોરણ-5થી 7 સુધી સેન્ટ ઝેવિયર્સ હોસ્ટેલમાં રહીને પ્રાથમિક શિક્ષણ મેળવ્યું. ધોરણ-8થી 11 સુધી ઝઘડિયાની મિશનરી સંસ્થામાં શિક્ષણ મેળવ્યું. ગરીબી હોવા છતાં, તેમની હોંશિયારી અને લગન અનોખી હતી. દૂર રહીને પણ તેઓ અભ્યાસમાં હંમેશાં આગળ રહ્યાં. વર્ષ-1982માં કલેક્ટર કચેરીમાં ક્લાર્કની જાહેરાત આવી અને માનસિંગભાઈએ અરજી કરી. તેમની પસંદગી થઈ અને તેમની સરકારી સેવાની શરૂઆત ડેડિયાપાડા મામલતદાર કચેરીમાંથી થઈ. અહીં તેમણે 1982થી 1997 સુધી ક્લાર્ક તરીકે સેવા આપી. વર્ષ-1997માં નાયબ મામલતદાર તરીકે બઢતી મળી. નર્મદા જિલ્લાની અલગ-અલગ કચેરીઓમાં 2011 સુધી જવાબદારી નિભાવી. વર્ષ-2012માં મામલતદાર તરીકે પ્રથમ પોસ્ટિંગ સુરતમાં થઈ. આ ઉપરાંત ઉમરપાડા (1 વર્ષ), સોનગઢ (4 વર્ષ), અને ચીખલી (1.5 વર્ષ) ખાતે સેવા આપી હતી. વર્ષ-2018માં નાયબ કલેક્ટર તરીકે બઢતી મળી અને છોટા ઉદેપુર ખાતે પોસ્ટિંગ થયું. 2020 સુધી ત્યાં સેવા આપી અને ઉંમરને કારણે નિવૃત્ત થયા હતા. ઊંચા હોદ્દા પર રહ્યા પછી પણ, માનસિંગભાઈના મનમાં પોતાના વતન ગોપાલિયા ગામ પ્રત્યે અપાર મમતા હતી. તેઓએ રીટાયરમેન્ટ બાદ પોતાનું ગામ પાછા ફરવાનું પસંદ કર્યું. હવે તેઓ ખેતી કરીને શાંત જીવન વિતાવે છે. તેઓ સંતોષ સાથે કહે છે કે, અમારા સમયે શાળા નહોતી, પણ હવે અમારા ગામના ધારાસભ્ય રામજીભાઈ વસાવાએ ધોરણ-1થી 7 સુધીની પ્રાથમિક શાળા શરૂ કરાવી છે. હવે અમારા ગામનાં બાળકોને દૂર નથી જવું પડતું. અમને સૌથી વધુ આનંદ એ વાતનો છે કે આજે ગોપાલિયાની નવી પેઢી RBI અમદાવાદ, અધ્યાપકો, ડોક્ટરો, 16 જેટલા શિક્ષકો અને હિમાચલ પ્રદેશમાં ટુરિઝમ ક્ષેત્રે ઘણા બધા જવાબદાર પદો પર કામ કરી રહી છે.



## ગોપાલિયા PHC સેન્ટર: 22 ગામની તંદુરસ્તીનું કેન્દ્ર બિંદુ

ગોપાલિયા ગામે આવેલું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આજુબાજુનાં 22 ગામ માટે આરોગ્ય સેવાનું મહત્ત્વનું કેન્દ્ર બની રહ્યું છે. આ કેન્દ્ર માત્ર ગોપાલિયા ગામને જ નહીં, પરંતુ તેની આસપાસ આવેલાં લગભગ 7 ગામને પણ સીધી રીતે આવરી લે છે. જ્યારે કુલ 22 ગામની 25 હજારથી વધુ વસતી આ સુવિધા પર નિર્ભર છે. દર મહિને રજાના દિવસો બાદ કરતાં અંદાજે 1300થી 1400 જેટલા દર્દીઓ આ OPDનો લાભ લે છે.



## ગોપાલિયાના યુવા સરપંચ કિશોરભાઈ વસાવા



ગામના “મુખિયા” એટલે સરપંચની ઓળખ એવી હોય છે કે જે દરેક નાગરિકની સુખ-દુઃખની ચિંતા કરે. આવી જ એક વિચારધારા લઈને ગોપાલિયા ગામમાં યુવા સરપંચ 38 વર્ષીય કિશોરભાઈ ગુરજીભાઈ વસાવાએ પદભાર સંભાળ્યો છે. તેમનો વિનમ્ર, મળતાવડો સ્વભાવ અને ગામ પ્રત્યેનો પ્રેમ એ તેમની સફળતાની ચાવી છે. શિક્ષણ લીધા બાદ પરિવારની જવાબદારી સંભાળનાર કિશોરભાઈની ગણના ગામના વડવાઓ અને યુવાનોમાં ઉદાર વ્યક્તિત્વ ધરાવતા નેતા તરીકે થતી હતી. વર્ષ-2022માં ગ્રુપ ગ્રામ પંચાયતની ચૂંટણી વખતે ગામજનોના આગ્રહને માન આપીને તેમણે સરપંચ પદે પોતાનું નામ આગળ કર્યું અને સરપંચ પદે આરૂઢ થયા. સરપંચ બન્યા બાદ તેમણે ગામના કાદવ-કીચડવાળા રસ્તાઓને પાકા રસ્તામાં ફેરવીને પરિવહનને સરળ બનાવ્યું. ગોપાલિયા ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળ આવતા ખુપર બોરસણ સિંચાઈ બંધમાં વિપુલ જળસંગ્રહને ધ્યાનમાં રાખીને, તેમણે તેના રિનોવેશન પ્રોજેક્ટનું આયોજન માટે મન બનાવ્યું છે. વધુમાં, કરજણ નદીમાંથી સિંચાઈ માટેનું કામ આગામી ડિસેમ્બર બાદ શરૂ કરવાનો નિર્ણય લીધો છે, જે ખેડૂતો માટે વરદાન સાબિત થશે. કિશોરભાઈનું સપનું ગામમાં અદ્યતન લાઈબ્રેરી બનાવવાનું છે. જેથી સ્થાનિક વિદ્યાર્થીઓને બહાર જવાની ફરજ ન પડે. તેમના પ્રયત્નોથી ગામની પ્રાથમિક શાળામાં આજે સ્લેટ-પેનની જગ્યાએ હાઈ-ફાઈ સ્માર્ટ બોર્ડ દ્વારા ડિજિટલ શિક્ષણ આપવામાં આવે છે, જે નવી પેઢીને ઝડપી અને અસરકારક શિક્ષણ આપી રહ્યું છે.

## ગોપાલિયા ગ્રામ પંચાયતના હોદ્દેદારો

- સરપંચ-કિશોરભાઈ ગુરજીભાઈ વસાવા
- ઉપ સરપંચ-સામસિંગભાઈ મંનજીભાઈ વસાવા
- સભ્યો-સુનિતાબેન અનિલભાઈ વસાવા
- નયનાબેન મહેન્દ્રભાઈ વસાવા
- ટીનાબેન છત્રસિંગભાઈ વસાવા
- મંગુભાઈ વેસ્તાભાઈ વસાવા
- રિતેશ જાલમસિંગભાઈ વસાવા
- શંકરભાઈ હિરાભાઈ વસાવા
- પ્રભાવતીબેન ઈન્દ્રસિંગભાઈ વસાવા
- તલાટી કમ મંત્રી- જાદવભાઈ ભારજીભાઈ વસાવા

## ગોપાલિયા ગામનાં દર્શન

- ગામની વસતી-3510
- ગામનો સાક્ષરતા દર-71.06 ટકા
- ગામમાં જ્ઞાતિ-100 ટકા આદિવાસી સમાજ
- ગામમાં કુલ ઘર-439
- ગામમાં કુલ ફળિયાં- 6
- (નવી નગરી, સ્ટેશન ફળિયું, મહુડા ફળિયું, મંદિર ફળિયું, દેવળ ફળિયું અને સ્કૂલ ફળિયું)
- ગામમાં કુલ પશુધન-220
- ગામની કુલ ભૌગોલિક વિસ્તાર-155.74 હેક્ટર
- ગામમાં ધાર્મિક સ્થળો- 7 (મંદિરો અને દેવળ)

ગોપાલિયામાં હનુમાનજી મંદિર



ગોપાલિયા ગ્રુપ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ખુપર બોરસણ બંધ



હજુ આજે પણ ગોપાલિયા ગામે જૂનુંપુરાણું બળદગાડું અને આજના જમાનામાં બાઈક્સનો ઉપયોગ થાય છે.





ગોપાલિયા ગામે નળમાં પાણીનો પ્રવાહ